પી. ભારતી (IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &
કમિશ્નર,પ્રાથમિક શિક્ષણ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર–૧૭, ગાંધીનગર.
ફોન નંબર : ૦૭૯–૨૩૨૪૩૧૩૩
E-mail : spdssa@gmail.com
Tollfree No. : 1800 233 7965
website: www.ssagujarat.org

પત્રક્રમાંક:એસએસએ/કયુઈસેલ/૨૦૧૯/ ૪૭૯૯૪ – ૪૮૦૩૯ તા.૨૯/૧૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા:તમામ

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા:તમામ
શાસનાધિકારીશ્રી:અમદાવાદ,રાજકોટ,વડોદરા,સૂરત

વિષય: સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં એકમ કસોટી યોજવા બાબત..

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના ધોરણ ૯ અને ૧૦ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા ચકાસણી અને અભિવૃદ્ધિ માટે પ્રથમ સત્રની જેમ ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન પીરીઓડીકલ એસેસમેન્ટ ટેસ્ટ (એકમ કસોટી) યોજવાનું નિયત કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે તા:૩૦/૧૧/૨૦૧૯થી ધોરણ ૯ અને ૧૦માં આ સાથે સામેલ આયોજન મુજબ વિવિધ વિષયોની એકમ કસોટી યોજવામાં આવશે.

ઉપરોક્ત આયોજન મુજબ યોજવામાં આવનાર એકમ કસોટી માટેનો અભ્યાસક્રમ કસોટીના દિવસથી આગળના સપ્તાહ સુધીનો રહેશે. આયોજન મુજબ જે તે દિવસની એકમ કસોટી માટેના સબંધિત પ્રશ્નપત્રો કસોટીની તારીખના બે દિવસ અગાઉ તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને અત્રેની કચેરી દ્વારા તેઓના ઓફિસીયલ ઈ મેઈલ એડ્રેસ પર મોકલી આપવામાં આવશે. દરેક જિલ્લાએ કસોટીના એક દિવસ પહેલા પ્રશ્નપત્રો જે તે શાળા સુધી સબંધિત બીઆરસી કો.ઓ. અને સીઆરસી કો.ઓ. મારફતે સોફ્ટકોપીમાં પહોંચાડવાના રહેશે. આ પ્રકિયા દરમ્યાન દરેક તબક્કે પ્રશ્નપત્રોની ગોપનીયતા જળવાઈ રહે તેની દરેકે વ્યક્તિગત તકેદારી લેવાની રહેશે.

ઉપરોક્ત આયોજન મુજબ રાજ્યની તમામ સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં એકમ કસોટી યોજાય તે માટે નીચે મુજબની માર્ગદર્શક બાબતોનું પાલન કરવાનું રહેશે.

- એકમ કસોટી તમામ સરકારી, RMSA, મોડલ શાળાઓ, મોડલ ડે અને ગ્રાન્ટેડ શાળાઓમાં યોજવાની રહેશે.
- આ કસોટીના પ્રશ્નોપત્રો વિદ્યાર્થીઓને વ્યક્તિગત હાર્ડકોપીમાં મળે તે માટેની વ્યવસ્થા શાળાના આચાર્યશ્રીએ કરવાની રહેશે. શાળાએ વિદ્યાર્થીદીઠ પ્રશ્નપત્રોની હાર્ડકોપી માટેનો ખર્ચ જે તે શાળાની કમ્પોઝીટ સ્કુલ ગ્રાન્ટ હેડે અંતર્ગત કરવાનો રહેશે.
- વિદ્યાર્થીઓએ પ્રશ્નોના જવાબ પોતાની એકમ કસોટીની નોટબુકમાં લખવાના રહેશે. આ માટે પ્રત્યેક વિધાર્થીએ એકમ કસોટી માટે એક અલગ નોટબુક બનાવવાની રહેશે. જે માત્ર એકમ કસોટીના લેખન માટે જ રહેશે.

તમામ શાળાઓને જાણ કરવી
૨૭/૧૧

Scanned by CamScanner

- જે તે દિવસની એકમ કસોટી પૂર્ણ થયા બાદ એકમ કસોટીના દિવસથી દિન-૩માં જે તે વિષય શિક્ષકે તમામ વિદ્યાર્થીઓની એકમ કસોટીની યોગ્ય રીતે ચકાસણી કરી જે તે વિદ્યાર્થીને પોતાના વાલીને ફરી ચકાસીને વાલીની સહી કરાવીને પરત લાવવા માટે આપવાની રહેશે.
- જે તે ધોરણના વર્ગ શિક્ષકે તેઓના વર્ગના તમામ વિદ્યાર્થીઓના તમામ વિષયના ગુણપત્રકો જે તે વિષય શિક્ષક પાસેથી મેળવીને પોતાની પાસે જાળવી રાખવાના રહેશે.
- જે તે વિષયની એકમ કસોટીની ચકાસણી બાદ સબંધિત વિષય શિક્ષકે જરૂરિયાત મુજબ ઉપચારકાર્ય કરાવવાનું રહેશે.
- એકમ કસોટી માટે નક્કી કરેલા દિવસે શાળામાં રજા હોય તો ત્યાર પછીના ચાલુ કામકાજના દિવસે આ કસોટી યોજવાની રહેશે.
- શિક્ષકોએ દરેક વર્ગના વિદ્યાર્થીઓને અગાઉથી જ એકમ કસોટીની તારીખ, વિષય અને સમાવવામાં આવેલા પ્રકરણ જણાવી દેવાના રહેશે. જેથી વિદ્યાર્થીઓ એકમ કસોટી માટે જરૂરી પૂર્વ તૈયારીઓ કરી શકે.
- દરેક કસોટી ૨૫ ગુણની રહેશે અને તેના જવાબ લખવા માટે વિદ્યાર્થીઓને ૪૫ મિનિટનો સમય આપવાનો રહેશે.
- શાળાનો સમય સવારનો હોય તો એકમ કસોટીનો સમય ૯.૩૦ થી ૧૦.૧૫ કલાક રહેશે. જે શાળાઓનો સમય બપોરનો હોય તો તેમાં એકમ કસોટીનો સમય ૧૩.૦૦ થી ૧૩.૪૫ કલાકનો રહેશે.
- કે.જી.બી.વી.માં રહીને સરકારી શાળા સિવાયની અન્ય(ગ્રાન્ટેડ કે ખાનગી) શાળામાં અભ્યાસ કરતી કન્યાઓની એકમ કસોટી જે તે કે.જી.બી.વી.માં શાળામાંથી પરત આવ્યા બાદ કેજીબીવીના ટ્યુશન ટીચર દ્વારા લેવાની અને ચકાસવાની રહેશે.
- શાળાના આચાર્યશ્રીએ તમામ એકમ કસોટીઓ સમયસર, ગુપ્તંતા જાળવીને અને આયોજન મુજબ યોજાય તેનું ધ્યાન રાખવાનું રહેશે.
- એકમ કસોટીના આયોજન મુજબ અસરકારક અમલીકરણ માટે જિલ્લા/તાલુકા/ક્લસ્ટર કક્ષાએથી સઘન મોનીટરીંગ કરવાનું રહેશે.

પી.ભારતી (IAS)

<u>બિડાણ:-</u>

- બીજા સત્રની એકમ કસોટીઓનું સભંવિત સમયપત્રક

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન. સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય ગાંધીનગર.
- માન.અધ્યક્ષશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેક્ટર-૧૦ બી,ગાંધીનગર
- માન. કમિશ્નર ઓફ સ્કુલ, બ્લોક૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

<u>નકલ રવાના જાણ સારૂ:-</u>

- નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર-૧૨ ગાંધીનગર.

<u>નકલ રવાના અમલવારી સારૂ:-</u>

- ઓ.આઈ.સી.-ગર્લ્સ એજ્યુકેશન, સદર કચેરી

Scanned by CamScanner

જા.નં.જિશિઅ / એકમ કસોટી / ૨૦૧૯-૨૦/૧૦૫૭

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
જોરાવર પેલેસ પાલનપુર,
તારીખ:૨૭/૧૧/૨૦૧૯

૨/- નકલ રવાના જાણ તથા અમલ સારૂ .

જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ
આચાર્યશ્રી ,
માધ્યમિક શાળાઓ તમામ,
જી.બનાસકાંઠા.

Scanned by CamScanner

## Std. 9 and 10 (Sem 2) PAT

| ક્રમ | માસ | તારીખ | ધોરણ ૯ વિષય | ધોરણ ૧૦ વિષય | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | નવેમ્બર | ૩૦/૧૧/૧૯ | ગણિત | ગુજરાતી | |
| ૨ | ડિસેમ્બર | ૦૭/૧૨/૧૯ | સા.વિજ્ઞાન | હિન્દી | |
| ૩ | | ૧૪/૧૨/૧૯ | વિજ્ઞાન | સંસ્કૃત | |
| ૪ | | ૨૧/૧૨/૧૯ | અંગ્રેજી | ગણિત | |
| ૫ | | ૨૮/૧૨/૧૯ | ગુજરાતી | સા.વિજ્ઞાન | |
| ૬ | જાન્યુઆરી | ૦૪/૦૧/૨૦ | સંસ્કૃત | વિજ્ઞાન | |
| ૭ | | ૧૧/૦૧/૨૦ | હિન્દી | અંગ્રેજી | |
| ૮ | | ૧૮/૦૧/૨૦ | ગણિત | ગુજરાતી | |
| ૯ | ફેબ્રુઆરી | ૧૫/૦૨/૨૦ | સા.વિજ્ઞાન | વિજ્ઞાન | |
| ૧૦ | | ૨૨/૦૨/૨૦ | વિજ્ઞાન | અંગ્રેજી | |
| ૧૧ | | ૨૯/૦૨/૨૦ | અંગ્રેજી | ગણિત | |
| ૧૨ | માર્ચ | ૨૧/૦૩/૨૦ | ગુજરાતી | | |
| ૧૩ | | ૨૮/૦૩/૨૦ | સંસ્કૃત | | |
| ૧૪ | એપ્રિલ | ૦૪/૦૪/૨૦ | હિન્દી | | |

Scanned by CamScanner